# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, ભાવનગર

## ગુજરાતી

ધોરણ : ૫ | કુલ ગુણ : ૪૦

તારીખ : ૯/૦૪/૨૦૧૯ | (દ્વિતીય સત્ર) | સમય : ૭-૧૫ થી ૯-૧૫

---

પ્રશ્ન-૧ (અ) યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો. (૨)

(૧) 'ધરતીની મ્હેક પીતો વાયુ ચકચૂરે, અહીં વાયુ એટલે

(અ) પવન

(બ) વાદળ

(ક) પહાડ

(ડ) વાહન

(૨) કેસરિયાની વાસણીમાંથી વાટખરચીમાં પાચસો રૂપિયા વપરાઈ ગયા. અહીં વાટખર્ચી એટલે

(અ) રસ્તામાંથી થયેલ ખર્ચ

(બ) રસ્તા માટે થયેલ ખર્ચ

(ક) રસ્તામાં થતો ખર્ચ

(ડ) રસ્તામાંથી ઉપજેલ ખર્ચ

(બ) નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર એક વાકયમાં લખો (૪)

(૧) ઓલમ્પિક સ્પર્ધામાં વૉલ્ટરને કઈ સિદ્ધિ મળી ?

(૨) શિક્ષક અબ્રાહમને શા માટે પુસ્તક આપે છે ?

(૩) સૂબા ની કચેરીમાં સિપાઈઓ કોને લઈનેઆવ્યા ?

(૪) હિંડોળો કાવ્યમાં " વા'લો" શબ્દ કોના માટે વપરાયો છે ?

(ક) નીચેના પ્રશ્નોના ઉત્તર લખો (૪)

(૧) ડૉ. આંબેડકરનું હૃદય કોને જોઇને પીગળી ગયું ? શા માટે ?

(૨) તહેવારો તમને શા માટે ગમે છે ?

Scanned by CamScanner

પ્રશ્ન-૨ (અ) યોગ્ય વિકલ્પ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો (૨)

(૧) સોનાલી આવી છે .................કહો કે ત્યાં જ ઉભી રહે

(અ) એને (બ) એણે (ક) તેણે (ડ) તેમને

(૨) પાક્ષિક એટલે ...

(અ) અઠવાડિયે પ્રકાશિત થતું સામયિક

(બ) પખવાડિયે પ્રકાશિત થતું સામયિક

(ક) મહિને પ્રકાશિત થતું સામયિક

(ડ) ત્રણ મહિને પ્રકાશિત થતું સામયિક

(બ) કારણો આપો (૪)

(૧) વૉલ્ટરે વિશ્વ વિક્રમ સ્થાપવાનો નિશ્ચય કર્યો કારણ કે ...

(૨) રાઘોબાએ કેસરિયાની કદર કરી કારણ કે ...

(ક) તમને આવડતી કવિતા કે લોકગીતની સળંગ ચાર પંક્તિ લખો (૪)

પ્રશ્ન-3 (અ) માગ્યા પ્રમાણે લખો. (૧)

૧. નીચેનામાંથી શબ્દકોશના ક્રમ મુજબ કયું જોડકું સાચું છે

(અ) અંબર, આરામ, અમર, ઓરડો

(બ) આરામ, અમર, અંબર, ઓરડો

(ક) અમર, આરામ, અંબર, ઓરડો

(ડ) અમર, અંબર, આરામ, ઓરડો

૨. નીચેનામાંથી સાચી જોડણી કઈ છે (૧)

(અ) સેનટીમીટર (બ) સેન્ટિમીટર

(ક) સેન્ટીમિટર (ડ) સેનટીમિટર

(બ) (૧) વિરોધી શબ્દની સાચી જોડ શોધો. (૧)

(અ) આનંદ-મોજ (બ) ભાગ્ય –નસીબ

(ક) પ્રકાશ-અંધકાર (ડ) શુદ્ધ-ચોખ્ખું

(૨) શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો (૧)

ઘોડાની પીઠ પર નાખવાનું આસન -..........................................

Scanned by CamScanner

(ક) સમાનાર્થી શબ્દની કઈ જોડ સાચી છે ? (૨)

(૧) (અ) નિધિ – ફાળો (બ) નિધિ - ખોરાક

(ક) નિધિ – ન્યાય (ડ) નિધિ - ધ્યેય

(૨) (અ) બક્ષિસ - નોકરી (બ) બક્ષિસ - ભેટ

(ક) બક્ષિસ - બસ (ડ) બક્ષિસ - પૈસા

(ડ) (૧) મેં સાંભળ્યું છે કે ભણવાની સાથે સાથે નોકરી પણ કરે છે "આ વાક્ય કોણ બોલે છે અને કોને કહે છે ? (૧)

(અ) લિંકન-શિક્ષક (બ) શિક્ષક – લિંકનને

(ક) લિંકન –મા-બાપને (ડ) મા-બાપ –લિંકનને

(૨) રૂઢિપ્રયોગનો અર્થ આપો (૧)

આકાશ પાતાળ એક કરવા ....................................

(ઈ) નીચે આપેલા શબ્દોને 'એકવચન' અને 'બહુવચન'માં વર્ગીકરણ કરો (૨)

( સાઈકલ, છોકરાઓ, લખોટી, વૃક્ષો )

પ્રશ્ન- ૪ અ. નીચે આપેલ ફકરામાં યોગ્ય વિરામચિહ્ન મૂકી ફકરો ફરીથી લખો (૪)

વૉલ્ટર અપંગ હતો પણ એનો નિર્ધાર અડગ હતો એનું તન અપંગ હતું પણ મન અડીખમ હતું શરીર નિર્બળ હતું પણ એનો સંકલ્પ ઘણો બળવાન હતો એના હૈયામાં એક શ્રદ્ધા હતી મારું શરીર આજે ભલે અપંગ હોય પણ એક દિવસ એવો આવશે કે વિશ્વનો કોઈ ખેલાડી મારી બરાબરી કરી શકશે નહીં

(બ) નીચે આપેલ વિષય પર છ કે સાત લીટીમાં લખો. (કોઈ પણ એક) (૬)

૧. મારું ગામ
૨. વાલો કેસરિયો
૩. ડૉ. બાબાસાહેબ આંબેડકર

Scanned by CamScanner